બિડાણ:- ઉપસચિવશ્રી, કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૨૫/૦૫/૨૦૨૬ના પત્ર ક્રમાંક: LD/MSM/e-file/12/2026/1225/ J Section

**વિષય:- રાજ્ય સરકારની વિવિધ નાગરિક સેવાઓ માટે- રાજ્ય સરકાર દ્વારા જ્યાં કાયદા કે નિયમથી સોગંદનામું કરવુ જરૂરી ઠરાવેલ હોય અને કોઈ વિશિષ્ઠ નાગરિક સેવા માટે વિભાગીય રીતે નિયત કરાયેલ સોગંદનામાનું સ્વરૂપ ઉપલબ્ધ ન હોય ત્યાં રાજ્યવ્યાપી સ્વીકાર્ય "યુનિવર્સલ એફિડેવિટ" નું ફોર્મેટ નિયત કરવા બાબત.**

---

**જા.નં.નકૃયુ/રજી/લીગલ/ ૪૬૨૫-૬૭૫ /૨૦૨૬** **તા.૧૨/૦૬/૨૦૨૬**

**સામેલ:-** બિડાણ

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના:-**

અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ/ સબ યુનિટના વડાશ્રીઓ/અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તરફ.

રાજ્ય સરકારની વિવિધ નાગરિક સેવાઓ માટે- રાજ્ય સરકાર દ્વારા જ્યાં કાયદા કે નિયમથી સોગંદનામુ કરવુ જરુરી ઠરાવેલ હોય અને કોઈ વિશિષ્ટ નાગરિક સેવા માટે વિભાગીય રીતે નિયત કરાયેલ સોગંદનામાંનું સ્વરૂપ ઉપલબ્ધ ન હોય ત્યાં રાજ્યવ્યાપી સ્વીકાર્ય "યુનિવર્સલ એફિડેવિટ" નુ ફોર્મેટ નિયત કરવા બાબત.

ગુજરાત સરકાર

કાયદા વિભાગ

પરિપત્ર ક્રમાંક : LD/MSM/e-file/12/2026/1225/J Section

સચિવાલય, ગાંધીનગર

તારીખ: ૨૫- ૦૫ -૨૦૨૬

**પ્રસ્તાવના:**

રાજ્યમાં નાગરિક સેવા વિતરણ પ્રક્રિયાઓને વધુ સરળ, પારદર્શક અને નાગરિક-કેન્દ્રિત બનાવવા માટે રાજ્ય સરકાર કટિબધ્ધ છે. રાજ્ય સરકારના વિવિધ વિભાગો વહીવટી સુધારણાની સતત ચાલતી પ્રક્રિયાના ભાગરૂપે સેવાઓ મેળવવાની રીતમાં સમયાંતરે સુધારાઓ દાખલ કરતાં રહે છે. હવે જ્યારે મોટાભાગની સેવાઓ નાગરિકોને ઓનલાઈન, મોબાઈલ એપ, જનસેવા કેન્દ્ર, ડીજીટલ સેવાસેતુ મારફતે ઉપલબ્ધ બનેલ છે, ત્યારે સેવાઓ મેળવવાની પ્રક્રિયા હજુ સરળ બનાવવા રાજ્ય સરકાર કટિબધ્ધ છે.

૨. રાજ્ય સરકારની વ્યક્તિલક્ષી અપાતી સેવાઓમાં, જે તે અરજદાર દ્વારા અપાતી માહિતીની સત્યતા સુનિશ્ચિત કરવા એફિડેવિટ લેવામાં આવે છે. વિવિધ વિભાગો હેઠળ પ્રદાન થતી સેવાઓ માટે અરજદારોને અનેક પ્રકારના સોગંદનામાં રજૂ કરવાની આવશ્યકતા રહેતી હોવાને કારણે દસ્તાવેજીકરણમાં વૈવિધ્યતા, અનાવશ્યક જટિલતા તેમજ પ્રક્રિયામાં સમય વિલંબ જોવા મળે છે. નાગરિકોને સરળ, એકરૂપ અને કાર્યક્ષમ સેવા પ્રદાન કરવાના હેતુસર રાજ્ય સરકાર દ્વારા જ્યાં કાયદા કે નિયમથી સોગંદનામુ કરવુ જરુરી ઠરાવેલ હોય અને કોઈ વિશિષ્ટ નાગરિક સેવા માટે વિભાગીય રીતે નિયત કરાયેલ સોગંદનામાંનું સ્વરૂપ ઉપલબ્ધ ન હોય ત્યાં રાજ્યવ્યાપી સ્વીકાર્ય "યુનિવર્સલ એફિડેવિટ" નો ઉપયોગ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ::-

પુખ્ત વિચારણાને અંતે રાજ્ય સરકાર, રાજ્ય સરકારની વિવિધ વિભાગો અન્વયેની અપાતી સેવાઓ માટે અરજી સાથે વિગતો માટે કરવામાં આવતા એફિડેવિટમાં રાજ્ય સરકાર દ્વારા જ્યાં કાયદા કે નિયમથી સોગંદનામુ કરવુ જરુરી ઠરાવેલ હોય અને કોઈ વિશિષ્ટ નાગરિક સેવા માટે વિભાગીય રીતે નિયત કરાયેલ સોગંદનામાંનું સ્વરૂપ ઉપલબ્ધ ન હોય ત્યાં રાજ્યવ્યાપી સ્વીકાર્ય "યુનિવર્સલ એફિડેવિટ" નો ઉપયોગ કરવાનું આથી ઠરાવવામાં આવે છે .

1. આ પરિપત્રનો હેતુ નાગરિકોને વારંવાર અલગ-અલગ સ્વરૂપમાં સોગંદનામાં રજૂ કરવાની આવશ્યકતા દૂર કરી એક "યુનિવર્સલ એફિડેવિટ" દાખલ કરવાનો છે, જેથી સેવા પ્રાપ્ત કરવાની પ્રક્રિયા વધુ ઝડપી, સુવ્યવસ્થિત અને પારદર્શક બનાવવાનો છે.

2. તમામ જિલ્લા, તાલુકા, ગ્રામ્ય તથા શહેરી સ્તરે કાર્યરત સેવા કેન્દ્રો, કચેરીઓ અને સત્તાધિકારીઓ દ્વારા આ એફિડેવિટ સ્વીકાર્ય ગણાશે.
3. ડિજિટલ ગુજરાત પોર્ટલ તથા જન સેવા કેન્દ્રોમાં પણ આ એફિડેવિટનો સમાન રીતે અમલ કરવામાં આવશે.
4. આ અંગેનું વિગતવાર "યુનિવર્સલ એફિડેવિટ" નું ફોર્મેટ Annexure–A તરીકે સામેલ રાખેલ છે
5. આ પરિપત્રના અમલ અંગે સંબંધિત તમામ વિભાગોએ પોતાના અધિકૃત કચેરીઓ અને સેવા કેન્દ્રોને જરૂરી સૂચનાઓ જારી કરવાની રહેશે.
6. રાજય સરકારશ્રી દ્વારા જ્યા એફીડેવીટ કરવાનુ નિયત થયેલ ન હોય તેવી સેવામાં સા.વ.વિના તા.૨૫/૧૨/૨૦૨૧ના ઠરાવ મુજબ એફિડેવિટના સ્થાને સ્વઘોષણા (Self-Declaration) ની પ્રકીયા ચાલુ રહેશે .

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા. ૨૦/૦૫/૨૦૨૬ ના રોજ મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે.

(એમ.બી. લશ્કરી)

સરકારના ઉપસચિવ(ઇ.ચા)

કાયદા વિભાગ

પ્રતિ,

1. માનનીય રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
2. માનનીય મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી/સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
3. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી/સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
4. સર્વે માનનીય મંત્રીશ્રી/ માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧/૨, સચિવાલય, ગાંધીનગર
5. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
6. માનનીય દંડકશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
7. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
8. સચિવશ્રી અને આર. એલ.એ. ના અગ્ર / રહસ્ય સચિવશ્રી, કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
9. સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
10. સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
11. વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય ગાંધીનગર.
12. સચિવાલયના સર્વે વિભાગો.
13. માહિતી નિયામકશ્રી, ડો જીવરાજ મહેતા ભવન ગાંધીનગર
14. કાયદા વિભાગની સર્વે શાખાઓ.
15. સિસ્ટમ મેનેજરશ્રી, કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર (વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ).
16. જ-શાખા સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified
Signed by: Mr. MAUNIK BHARATBHAI LASHKRI
Under Secretary
Date:2026.05.26
12:43:42 +5:30

ઠરાવ ક્રમાંક: LD/MSM/e-file/12/2026/1225/J Section નું બિડાણ

Annexure–A

**GOVERNMENT OF GUJARAT**

**STANDARD UNIVERSAL AFFIDAVIT FORMAT**

(Applicable Across All Districts of Gujarat)

(To Be Used Where No Prescribed Format Is Available)

## AFFIDAVIT

I, ______________________________________

Son / Daughter / Wife of ______________________________

Age: ______ Years

Occupation: ______________________________________

Mobile No.: ______________________________________

Resident of:

House No./Survey No.: ______________________________

Village / Ward: ______________________________

Taluka: ______________________________

District: ______________________________

State: Gujarat

PIN Code: ______________________________

Do hereby solemnly affirm and declare as under:

### 1. PURPOSE OF AFFIDAVIT

Specify: ______________________

### 2. CASTE / CATEGORY DECLARATION (If Applicable)

My religion, caste, community, sub-caste is ____________________________.

I belong to category (tick applicable):

☐General

☐EWS

☐SEBC

File No: LD/MSM/e-file/12/2026/1225/J Section
Approved By: Under Secretary(i/c),J-1,LD
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

☐ SC

☐ ST

My caste/ category is included in the applicable State/Central List.

I have not obtained this certificate from any other district/state through misrepresentation.

## 3. INCOME DECLARATION (If Applicable)

Total annual family income: Rs. ____________________

Sources of income (tick applicable if more than one source , tick every source of income ):

☐ Agriculture

☐ Salary

☐ Business

☐ Labour

☐ Pension

☐ Other: ____________________

Income declared above is true and correct.

## 4. GENERAL DECLARATION

That I am a citizen of India and am legally competent to swear this affidavit.

That the facts stated herein are true and correct to the best of my knowledge, belief, and as per the available documentary record.

That I am executing this affidavit before the competent authority for the purpose of**[mention the concerned service/certificate/license/scheme here].** I hereby solemnly affirm in accordance with my religion and declare as under that: .........

______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________

That all documents, declarations, and information submitted along with the said application are true, correct, genuine, and legally valid.

That I have not suppressed, concealed, or misrepresented any material fact.

That I am fully aware that giving false evidence, making a false affidavit, making a false declaration, or furnishing false information to a public servant constitutes a punishable offence.

That I understand that in case any statement made herein is found to be false, misleading, or incorrect, I shall be liable for civil and/or criminal proceedings under the applicable provisions of the Bharatiya Nyaya Sanhita, 2023 and Any other applicable acts, including offences relating to: Giving false evidence,, Making a false declaration, and Providing false information to a public servant, and that such offences are punishable with imprisonment and/or fine as prescribed under law.

That I accept full responsibility and liability for any legal consequences arising out of any false statement made in this affidavit.

That this affidavit has been executed voluntarily, without any coercion, undue influence, inducement, or misrepresentation, and in sound state of mind.

That this affidavit is made for submission before the concerned authority/Court for lawful purposes.

I solemnly affirm that the contents of this affidavit are true and correct.

Place: [City/Town], Gujarat

Date: [Date]

DEPONENT

Signature / Thumb Impression: ____________________

Name: ____________________________________________

VERIFICATION

I, ________________________________, verify that the contents of this affidavit are true and correct to my knowledge and belief.

Place: ___________________________

Date: ___________________________

Signature / Thumb Impression of Deponent

ATTESTATION

Sworn before me on this ___ day of __________ 20___ at __________________ (Gujarat).

Signature & Seal

Concerned Authority / Mamlatdar /Notary

Annexure–A(Gujarati)

ગુજરાત સરકાર

યુનિવર્સલ સોગંદનામા(એફિડેવિટ)નુ ફોર્મેટ

(ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓ માટે)

(જ્યાં એફિડેવિટનુ નિયત ફોર્મેટ કાયદા દ્વારા નિર્ધારીત કરેલ ન હોય અને સરકારશ્રી દ્વારા સોગંદનામુ કરવાનુ નિયત કરેલ હોય ફકત ત્યાં ઉપયોગ માટે)

સોગંદનામુ(એફિડેવિટ)

હું, ______________________________

પુત્ર / પુત્રી / પત્ની ______________________________

ઉંમર: ______ વર્ષ

વ્યવસાય: ______________________________

મોબાઇલ નંબર: ______________________________

રહેવાસી:

મકાન નં./સર્વે નં.: ______________________________

ગામ / વોર્ડ: ______________________________

તાલુકો: ______________________________

જિલ્લો: ______________________________

રાજ્ય: ગુજરાત

પિન કોડ: ______________________________

હું નીચે મુજબ સોગંદપૂર્વક જાહેર કરું છું:

1. સોગંદનામાનો હેતુ/પ્રકાર

વિગતવાર માહિતી : ______________________________

2. જાતિ / વર્ગ અંગેની ઘોષણા (જો લાગુ પડતુ હોઇ તો)

મારો ધર્મ, જાતિ, સમાજ, ઉપજાતિ ______________________________છે.

હું નીચે દર્શાવેલ વર્ગમાં આવું છું (યોગ્ય હોય ત્યા ✓ ચિહ્નિત કરો):

☐ સામાન્ય

☐ આર્થિક રીતે નબળો વર્ગ (EWS)

☐ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC)

☐ અનુસૂચિત જાતિ (SC)

☐ અનુસૂચિત જનજાતિ (ST)

મારી જાતિ/વર્ગ એ રાજ્ય/કેન્દ્ર સરકારની યાદીમાં સમાવેશ પામેલ છે.
મારા દ્વારા ખોટી રજૂઆત અથવા હકીકત છુપાવી અન્ય કોઈ જિલ્લા/રાજ્યમાંથી આ પ્રમાણપત્ર મેળવેલ નથી.

**3. આવક અંગેની ઘોષણા (જો લાગુ પડતું હોઇ તો )**

કુલ વાર્ષિક કુટુંબ આવક: રૂપિયા ________________

**આવકના સ્રોત (લાગુ પડે તે ✓ ચિહ્નિત કરો જો એકથી આવકના સ્રોત હોઇ તો બધા ચિહ્નિત કરવા):**

☐ ખેતી

☐ પગાર

☐ વ્યવસાય

☐ મજૂરી

☐ પેન્શન

☐ અન્ય: ________________

ઉપર દર્શાવેલ આવકની વિગતો સાચી અને ખરી છે.

**4. સામાન્ય ઘોષણા**

1. હું ભારતનો નાગરિક છું અને આ સોગંદનામુ કરવા કાનૂની રીતે સક્ષમ છું.
2. અહીં દર્શાવેલ તમામ હકીકતો મારી જાણ અને વિશ્વાસ મુજબ તથા ઉપલબ્ધ દસ્તાવેજી નોંધોના આધારે સાચી અને ખરી છે.
3. હું સંબંધિત સત્તાધિકારી સમક્ષ **[અહી દર્શાવેલ સેવા/પ્રમાણપત્ર/પરવાનગી/યોજનાના હેતુસર]** એફીડેવિટ કરી રહ્યો છું: આથી હુ મારા ધર્મ પ્રમાણેના સોંગંદ લઇ ને જાહેર કરૂં છું કે
   ......... ________________________________________________
   ________________________________________________
   ________________________________________________
4. મારી અરજી સાથે રજૂ કરેલ તમામ દસ્તાવેજો, ઘોષણાઓ અને માહિતી સાચી, યથાર્થ, ખરી અને કાનૂની રીતે માન્ય છે.
5. મેં કોઈપણ મહત્વની હકીકત દબાવી, છુપાવી અથવા ખોટી રીતે રજૂ કરી નથી.
6. મને સંપૂર્ણ જાણ છે કે ખોટો પુરાવો આપવો, ખોટું સોગંદનામુ કરવું, ખોટી ઘોષણા કરવી અથવા જાહેર સેવકને ખોટી માહિતી આપવી કાનૂન મુજબ દંડનીય ગુનો છે.
7. જો આ સોગંદનામામાં આપેલ કોઈપણ માહિતી ખોટી, ભ્રામક અથવા અયોગ્ય સાબિત થાય, તો હું ભારતીય ન્યાય સંહિતા, 2023 તથા લાગુ પડતા અન્ય કાયદાઓ મુજબ દંડ અને/અથવા ફોજદારી કાર્યવાહી માટે જવાબદાર રહીશ.
8. ખોટી માહિતી આપવાના કારણે થનારા તમામ કાનૂની પરિણામોની સંપૂર્ણ જવાબદારી હું સ્વીકારૂં છું.
9. આ સોગંદનામુ મેં કોઈ દબાણ, પ્રલોભન, અથવા બળજબરી વિના અને સંપૂર્ણ સ્વેચ્છાએ તથા સ્વસ્થ માનસિક સ્થિતિમાં કર્યું છે.
10. આ સોગંદનામુ કાનૂની હેતુસર સંબંધિત સત્તાધિકારી/ન્યાયાલય સમક્ષ રજૂ કરવા માટે કરવામાં આવે છે.

હું સોગંદપૂર્વક જાહેર કરૂં છું કે આ સોગંદનામામાં દર્શાવેલ માહિતી સંપૂર્ણપણે સાચી અને ખરી છે.

સ્થળ: ____________________,

તારીખ: ____________________

સોગંદકર્તાશ્રી ( **DEPONENT**)

હસ્તાક્ષર/અંગૂઠાનું નિશાન: ____________________

નામ: ________________________________________

## (VERIFICATION)

હું, ______________________________, આથી ચકાસણી કરું છું કે ઉપરોક્ત સોગંદનામાની વિગતો મારી જાણ અને વિશ્વાસ મુજબ સાચી છે અને તેમાં કોઈ મહત્વની હકીકત છુપાવવામાં આવેલ નથી.

સ્થળ: ___________________________

તારીખ: ___________________________

સોગંદકર્તાશ્રીના હસ્તાક્ષર/અંગૂઠાનું નિશાન

## (ATTESTATION)

આ સોગંદપત્ર આજે તા. ___ __________ 20___ ના રોજ _________________ ,ગુજરાત ખાતે મારી સમક્ષ સોગંદપૂર્વક કરાયો છે.

હસ્તાક્ષર અને સીલ

સંબધિત અધિકારીશ્રી/ મામલતદારશ્રી/નોટરીશ્રી